# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ માટે રાજ્યના પ્રવાસે - સેલવાસમાં 2 હજાર 587 કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓની ભેટ આપશે.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આઠમી માર્ચના નવસારીના કાર્યક્રમની સલામતીની વ્યવસ્થા મહિલા પોલીસ દ્વારા કરાશે.**
3. **પશુપાલકોને લાભ કરતાં બનાસ ડેરીના સિમેન સેન્ટરનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું.**
4. **પોરબંદરના મરઘા ડુંગર પર ભીષણ આગ લાગતા દોડધામ.**
5. **પ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકામાં હોળીના પર્વની ઉજવણી નિમિત્તે ફુલ ડોલ ઉત્સવની તડામાર તૈયારીઓ.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા , નગર હવેલી અને દમણ તેમજ દીવની બે દિવસની મુલાકાતે છે. શ્રી મોદી ગુજરાતના સુરત અને નવસારી અને દમણના સેલવાસમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.

પ્રધાનમંત્રી આજે સેલવાસના દાદરા અને નગર હવેલીમાં 2 હજાર 587 કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. શ્રી મોદી સેલવાસમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

સુરતમાં, પ્રધાનમંત્રી સુરત ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો પ્રારંભ કરશે. સુરતમાં લગભગ બે લાખ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લાભ મળશે. શ્રી મોદી આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર નવસારીમાં 'લખપતિ દીદી સંમેલન 'માં હાજરી આપશે. પ્રધાનમંત્રી પચીસ હજારથી વધુ સ્વ-સહાય જૂથોની અઢી લાખ મહિલાઓને 450 કરોડ રૂપિયાથી વધુની સહાય આપશે.

## (વોઈસ કાસ્ટ – પ્રદિપ ભાવસાર)

# NAVSARI WOMAS DAY - SANGHVI

નવસારીના જલાલપોરના વાંસી બોરસી ખાતે આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં લખપતિ દીદી સન્માન સમારોહ યોજાનાર છે. જેને લઈને જિલ્લા તંત્ર દ્વારા આ તૈયારીઓને

આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર તૈયારીઓને લઈને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી જણાવ્યું હતું કે આ લખપતિ દીદી કાર્યક્રમમાં પ્રધાનમંત્રીની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી ગુજરાત મહિલા પોલીસ સંભાળશે જેને લઈને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી હતી.

(બાઈટ - ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી)

# RAHUL GANDHI GUJARAT

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષા નેતા રાહુલ ગાંધી આજથી બે દિવસના રાજ્યના પ્રવાસે આવી રહ્યાં છે. આજે સવારે તેઓ અમદાવાદ આવશે. તેઓ અમદાવાદના પાલડી સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષો, વિપક્ષના પૂર્વ નેતાઓ અને પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠકો કરશે. આ બેઠક બાદ તેઓ પોલિટિકલ અફેર્સ કમિટી સાથે બેઠક કરશે.

આ ઉપરાંત તેઓ જિલ્લા પ્રમુખો અને અન્ય નેતાઓ સાથે પણ ચર્ચા વિચારણા કરશે. જ્યારે તેમના પ્રવાસના બીજા દિવસે અમદાવાદની રાજપથ ક્લબ ખાતે રાહુલ ગાંધી પક્ષના કાર્યકરો સાથે સીધો સંવાદ કરશે.

# BANAS DAIRY SIMEN CENTERE

બનાસ ડેરીના પ્રયાસોથી ડીસા તાલુકાના દામા ગામે સ્થાપવામાં આવેલા એક આધુનિક સીમેન પ્રોડક્શન યુનિટનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.

પશુપાલકો માટે ઉચ્ચ વંશાવળી ધરાવતા અને વધુ દૂધ આપતા પશુઓ પેદા કરવાના હેતુથી આ મેક ઇન ઇન્ડિયા સિમેન સેક્સ સોર્ટીંગ મશીનથી બનાસકાંઠા જિલ્લામાં રખડતા ઢોરોની સમસ્યાનું નિરાકરણ થશે અને વધુ દૂધ ઉત્પાદન કરતા પશુઓ મળશે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સિમેન સેન્ટરના ઉદ્દઘાટન પ્રસંગે વર્ચ્યુઅલ સંબોધનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે , વિકસિત ભારતના નિર્માણમાં અન્નદાતાનું યોગદાન સૌથી મહત્વનું છે.

આ સંયંત્રના કારણે ખેડૂતોને માત્ર સો રૂપિયામાં સિમેન ડોઝ મળી રહેશે.

# FIRE

રાજ્યમાં ગઈકાલે આગના બે અલગ અલગ બનાવમાં પોરબંદરના મરઘા ડુંગરમાં અને કચ્છના અંજારની એક ગૌશાળામાં આગ લાગી હતી.

પોરબદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કાએ આપેલી માહિતી અનુસાર કુતિયાણા તાલુકાના દેવડા ગામે આવેલ મરઘા ડુંગરમાં 1200 થી 1300 એક્ટર

વિસ્તારમાં આગ લાગી હતી . ડુંગર પર લાગેલી આગને કારણે વન્ય પ્રાણીનોના જીવ પણ જોખમમાં મૂકાયા છે. જોકે આગ બૂઝાવવા માટે ફાયર બ્રિગેડ પ્રયાસો કર્યા હતા પરંતુ તેમા અનેક મુશ્કેલીઓ આવી હતી.

બીજી આગની એક ઘટના કચ્છના અંજાર - આદિપુર વચ્ચે આવેલ કામધેનુ ગૌશાળામાં બની હતી. ગૌશાળામાં રાખેલ ઘાસ-ચારામાં આગ લાગી હતી. આગની ઘટનાની જાણ થતા જ અંજાર ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે ધસી ગઇ હતી. જો કે, ઘાસચારાને કારણે આગ વધુ પ્રસરી હતી. જોકે ગૌશાળામાં રાખવામાં આવેલા પશુઓ સુરક્ષિત હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.

# AMRELI ACCIDENT

અમરેલીના લાઠી તાલુકાના હાવતડ અને ઇંગોરાળા ગામ વચ્ચે રીક્ષા અને બાઇક વચ્ચે અકસ્માત સર્જાતા ખારા ગામના બે યુવાન અને એક બાળકીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જયારે એક યુવકને ગંભીર ઈજા થતાં અમરેલીની સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ગઇકાલે રાત્રે સર્જાયેલા આ અકસ્માતમા છકડો રોડ પર પલટી ખાઇ ગયો હતો.

બીજી તરફ મોડી રાત્રે સાબરકાંઠા જિલ્લા ના ઈડર વડાલી હાઈવે પર ટ્રક અને જીપ ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા 11 જેટલા બાળકો સહિત 33થી વધુ લોકોને ઈજાઓ પહોંચતા નજીકની હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે.

# NAVSARI WOMAS DAY - SANGHVI

નવસારીના જલાલપોરના વાંસી બોરસી ખાતે આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં લખપતિ દીદી સન્માન સમારોહ યોજાનાર છે. જેને લઈને જિલ્લા તંત્ર દ્વારા આ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર તૈયારીઓને લઈને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી જણાવ્યું હતું કે આ લખપતિ દીદી કાર્યકમમાં પ્રધાનમંત્રીની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી ગુજરાત મહિલા પોલીસ સંભાળશે જેને લઈને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી હતી.

**(બાઈટ - ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી)**

# GARIB KALYAN MELO

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ગરીબો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. આ યોજના હેઠળ ગરીબ પરિવારને દર મહિને વ્યક્તિદીઠ  5 કિલો અનાજ આપવામાં આવે છે.

વન નેશન ,  વન રેશનકાર્ડથી લાભાર્થીઓ હવે દેશમાં ક્યાંયથી પણ સરળતાથી અનાજ મેળવી શકે છે. આ યોજનાનો લાભ મેળવતા સુરતના લાભાર્થીઓ પ્રતિક્રિયા આપી રહ્યા છે.

**(બાઈટ- લાભાર્થી)**

# WEATHER

રાજ્યમાં આગામી 4 દિવસમાં તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી વધારો થવાની હવામાન વિભાગે  આગાહી કરી  છે.  ફરી એક વખત   આંશિક ગરમીમાંથી રાહત મળ્યા બાદ લોકોને કાળઝાળ ગરમીનો અનુભવ કરવો પડશે.

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા પણ વ્યક્ત કરાઇ છે.

# DWARKA FULDOL

હોળી ધુળેટીના તહેવારને ધ્યાને રાખી દ્વારકાના દ્વારકાધીશ મંદિરમાં ફૂલડોલ ઉત્સવ ઉજવવમાં આવશે. જેને લઈને જિલ્લા કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં દ્વારકા ખાતે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં દર્શનાર્થીઓ માટે માર્ગ સલામતી  , સ્વચ્છતા, આરોગ્ય, પાર્કિંગ વ્યવસ્થા,  પીવાના પાણીની વ્યવસ્થા , તેમજ વીજ પુરવઠો સતત જળવાઈ રહે તેની તકેદારી રાખવા સહિત દર્શનાર્થીઓને કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન થાય તેની તકેદારી રાખતા સહિત તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટે તમામ વિભાગોને સૂચનો આપવામાં આવ્યા હતા.

**(બાઈટ-  જિલ્લા કલેકટર રાજેશ તન્ના )**

# GIR SOMNATH LIME STONE

ગીર સોમનાથ  જિલ્લાના કોડિનાર  તાલુકાના વિઠ્ઠલપુર ગામમાંથી લાઈમ સ્ટોનની  ચોરી પકડાઈ છે. મહેસૂલ વિભાગ તથા ખાણ   -ખનીજ કચેરીની સંયુક્ત ટીમે વિઠ્ઠલપુર ગામની ક્વોરી લીઝની તપાસ કરી માપણી કરી હતી. જેમાં    85 હજાર 764 મેટ્રિક ટન જથ્થો ગેરકાયદેસર રીતે નિકાસ કરાયો હોવાનું જણાવ્યું હતું. ગેરકાયદેસર નિકાસ બાબતે કુલ 4 કરોડ 32 લાખ રૂપિયાની દંડની રકમ વસૂલવા કાર્યવાહી હાથ ધરાઇ હતી.

# TRAIN CANCELATION

અમદાવાદ હાવડા અને પોરબંદર સાંતરાગાછી કવિગુરુ એક્સપ્રેસ ટ્રેન રદ્દ કરવામાં આવી છે. ખડગપુર મંડળના સાંતરાગાછી સ્ટેશન પર  લેવાયેલા બ્લોકનાં કારણે  આ ટ્રેન પ્રભાવિત થઈ છે. 9       મે  નાં પોરબંદર સાંતરાગાછી   કવિગુરુ એક્સપ્રેસ ટ્રેન અને 11   મે નાં સાંતરાગાછી-પોરબંદર કવિગુરુ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહેશે.

ઉપરાંત 16મી મે ના અમદાવાદથી ચાલનારી અમદાવાદ-હાવડા એક્સપ્રેસ અને 17ના હાવડાથી ઉપડનારી હાવડા - અમદાવાદ એક્સપ્રેસ ટ્રેન પણ રદ્દ રહેશે.